આદર્શ નિવાસી શાળા (કન્યા/અ.જા)
જિ.ભૂજ-કચ્છ ખાતે સામાન્ય પ્રવાહ
ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વધારો
આપવા વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી
બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૧૭/૬૭૮૭૭૧-(નબા-૨૨)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૬/૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૬-૧૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ-અજાક/ગ-૧/૨/૨૦૧૮-૧૯/૮૯૫૪-૫૫

ઠ રા વઃ-

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓને રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી આદર્શ નિવાસી શાળાઓ (કન્યા/અ.જા) જિ.ભૂજ-કચ્છ ખાતે સામાન્ય પ્રવાહ ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વધારો આપવા વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબતે વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૬-૧૧-૨૦૧૭ ના પત્રથી રજુ કરવામાં આવેલ છે.પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિની સરકારી આદર્શ નિવાસી શાળા (કન્યા/અ.જા). જિ.ભૂજ-કચ્છ ખાતે ધોરણ-૧૦ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા અને તે માટે મદદનીશ શિક્ષક ( પગાર ધોરણ-આરઓપી-૨૦૦૬ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે-રૂ.૪૨૦૦/-, આરઓપી-૨૦૧૬-લેવલ-૬, ફીકસ પગાર રૂ.૩૧,૩૪૦/-)ની કુલ-૨(બે) જગ્યાઓ ઉભી કરવાની મંજુરી આપવા તથા તેના મહેકમ ખર્ચ અને વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ, સ્ટેશનરી, ગણવેશ, બુટમોજા અને અન્ય કન્ટીજન્સી ખર્ચ પેટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે માંગણી નં.૯૫, મુખ્ય સદર-૨૨૨૫-૦૧-૨૭૭-૧૭ બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇ કુલ રૂ. ૨૩ લાખ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) ને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧૦) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૦૨-૦૪-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
સંબંધિત નાયબ નિયામકશ્રી, અજાક, ની કચેરી (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અજાક, મારફત)
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કો.સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.